ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## વાત ગાંધીનગરની

આજ સવારથી ભાજપના મુખ્યાલય કમલમ્ પર ગાડીઓનો કાફલો આવન-જાવન કરતો રહ્યો. ચૂંટણી કે પેટા ચૂંટણી હોય એટલે કમલમ્માં ધમધમાટ હોય અને એમાંય આજે ભાજપના સ્થાપક પૈકીના રાજમાતા વિજયારાજ સિંધિયાની ટપાલ ટીકીટ અને ૧૦૦ રૂ.ના સિક્કાનું અનાવરણ પ્રધાનમંત્રીના હસ્તે થવાનું હતુ. જેનું જીવંત પ્રસારણ નિહાળવા ભાજપના સંગઠનના પદાધિકારીઓ અને મુખ્યમંત્રી સહિત વરિષ્ઠ મંત્રીઓને હાજર રહેવા ને કમલમ્માં એકત્રિત થવા ફરમાન હતુ. એટલે સૌ હાજર હતાં અને સૌએ સાથે મળી પ્રસારણ તો નિહાળ્યુ પણ પેટા ચૂંટણીની પંચાત પણ કરી લીધી.

**...હવે એ ભાજપ ક્યાં છે..?!**

કમલમ્ના પ્રાંગણમાં જ પક્ષના વરિષ્ઠ આગેવાને નામ નહિ છાપવાની શરતે પક્ષ પલટુઓના ટીકીટના મામલે કહ્યું હતું કે ...હવે એ ભાજપ ક્યાં છે..?! કે જે સિદ્ધાંતો ઉપર ચાલે..., જે મુલ્યો પર ચાલે.... જેનું રાષ્ટ્રીય અને વ્યક્તિગત ચારિત્ર્ય હોય... એ ભાજપ તો ગયુ. હવે તો સગવડીયુ રાજકારણ જોડ-તોડ અને માત્ર જીતવાના દાવપેચ હોય એવુ ભાજપ છે. પચાસ ટકા કોંગ્રેસીઓ ભાજપમાં છે એટલે ઓરીજનલ ભાજપ ક્યાં છે..?! અમારે તો મોં બતાવવા આવવું પડે એટલે..! બાકી તો આ બધુ જોઈને આત્મા કકળી ઉઠે છે પણ શું કરીએ..?! અમે ઓરીજનલ ભાજપવાળા લઘુમતિમાં છીએ.

**રાજ્યના કર્મચારીઓ દિવાળી ભેટની રાહ જુએ છે**

કેન્દ્રિય નાણાંમંત્રીએ કેન્દ્ર સરકારના કર્મચારીઓને દસ હજારનું વગર વ્યાજનું ફેસ્ટીવલ એડવાન્સ અને એલટીસીના કેશ વાઉચર આપવાની જાહેરાતને પગલે સચિવાલય સહિતના રાજ્યના કર્મચારીઓ પણ આવી જ ભેટની આતુરતાથી રાહ જુએ છે. કોરોનાકાળમાં કર્મચારીઓ પણ આર્થિક સંકડામણમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે દિવાળીના તહેવારોમાં ફેસ્ટીવલ એડવાન્સ અને ફરવા જવા માટે કેશ વાઉચર મળે એવી અપેક્ષા સેવી રહ્યા છે. સચિવાલયમાં આ સંદર્ભની ચર્ચાઓ ટેબલે ટેબલે ચાલતી હતી.

**ખરીદી પર કાપ**

રાજ્ય સરકારના નાણાં વિભાગ દ્વારા કરાયેલ પરિપત્રમાં માર્ચ-૨૦૨૧ સુધી દરેક સરકારી કચેરીઓમાં નાની મોટી ખરીદી પર પ્રતિબંધ લવાયો છે. ફોન, લેપટોપ, કુલર, એ.સી., ફર્નીચર, પ્રિન્ટર જેવી ખરીદી હાલમાં નહી થઈ શકે. આ ઉપરાંત તમામ કચેરીઓમાં વીજળી અને પેટ્રોલની વપરાશમાં પણ કરકસર કરવા ભારપુર્વક જણાવાયુ છે. અધિકારીઓના પ્રવાસને મંજૂરી નહી આપવાનું પણ ઠરાવાયુ છે. આમ જીએસટીની આવક ઘટવાના પગલે સરકારે વ્યાપક પ્રમાણમાં કરકસરના પગલાં લીધા છે.

**સાહિત્યમાંયે જંગ જામ્યો છે**

ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ અને હોદ્દેદારોની વરણી દર બે વર્ષે થાય પણ કોઈને કંઈ ખબર ના પડે. પરંતુ આ વખતે પ્રમુખ પદ માટે ગાંધીનગરના જ બે ઉમેદવારો જંગમાં ઉતરતાં સાહિત્ય ક્ષેત્રમાં ભારે ઉત્તેજના છે હજુ તો ૧૯મી સુધી મતપત્રો સ્વીકારવાના છે. પરંતુ અત્યારથી જ કોણ જીતશે... કેમ જીતશે... કેવી રીતે જીતશે..?ની ચર્ચાઓ ચકડોળે ચડી છે. આ વખતના ઐતિહાસિક જંગની ૨૩મીએ મત ગણતરી થવાની છે. ત્યારે રાજકારણીઓની સાથોસાથ સાહિત્યકારોનો પણ ધમધમાટ અનુભવાશે.

● **આજનો 'અર્ક'...**

હે પ્રભુ..! એટલું આપજો કે શોધવું પણ ના પડે અને સંતાડવું પણ ના પડે...

# આજે મનપાની હાઈબ્રીડ બેઠકમાં ભાજપના જૂથો જ આરપારની લડાઈના મૂડમાં

**ભાજપના સભ્યોએ કોવિડ-૧૯નું સંક્રમણ : સ્માર્ટસીટી પ્રોજેક્ટ, નવનિર્માણ પામી રહેલ ભવનના નામાભિકરણ સહિતના મુદ્દાઓ અંગેની દરખાસ્તો : તંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાની છ મહિના પછી આજે યોજાનાર હાઈબ્રીડ બેઠકે પાટનગરના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના ઉભી કરી છે. મનપાની આ સામાન્ય સભામાં વિપક્ષ કરતાં સત્તાધારી પક્ષના સભ્યો જ વધારે આક્રમક મૂડમાં જોવા મળી રહ્યા છે અને વહીવટીય પાંખને ભીંસમાં લેવા માટે કમર કસી છે.

મેયર રીટાબેન પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૧૨.૩૦ કલાકે સામાન્ય સભા મનપાના સભાખંડમાં યોજાશે. તંત્રએ કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિને ધ્યાને રાખી વ્યવસ્થા સાથેની તૈયારીઓ પૂરી કરી લીધી છે.

આજે મનપાની સામાન્ય સભામાં ભાજપના સિનીયર કાઉન્સીલરો નીતિન પટેલ, કાર્તિક પટેલ, મનુભાઈ પટેલ, પાર્વતીબેન પરમાર, કોંગ્રેસના હસમુખ મકવાણા, ચિમનભાઈ વિંઝુડા સહિતના કાઉન્સીલરોએ તેમની દરખાસ્તો રજુ કરી છે. સ્માર્ટસીટી, કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિમાં શહેર, હિસાબો રજુ નહિ કરનાર અધિકારી સામે શિસ્તભંગના પગલાંની માંગ તેમજ મનપાના નવા સેવાસદનના નામાભિકરણ અંગેની દરખાસ્તો ઉપરાંત સે. ૨૪ ના બગીચાનું નામાભિકરણ કરવાની દરખાસ્તનો પણ સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસે માત્ર બે જ દરખાસ્તોથી જ સંતોષ માન્યો

ગાંધીનગર, તા. ૧૨

સ્વચ્છતા સહિત વિવિધ મુદ્દાઓને લઈ કાયમ હોબાળો મચાવતી કોંગ્રેસે આજની સામાન્ય સભામાં સત્તાધારી પક્ષને ઘેરવા માટેની કોઈ નક્કર દરખાસ્તોથી અળગા રહેવાના કરેલા નિર્ણયે અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

કોંગ્રેસે માત્ર બે દરખાસ્ત કરી છે એક સે. ૨૪ માં નવિનીકરણ થયેલ ઉદ્યાનનું નામ આંબેડકર ઉદ્યાન રાખવા માટે ચીમનભાઈ વિંઝુડાએ દરખાસ્ત રજુ કરી છે.

આ ઉપરાંત હસમુખ મકવાણાએ બોરીજ ખાતેના બગીચાના નવિનીકરણ પ્રોજેક્ટનો સ્માર્ટસીટીમાં સમાવેશ કરાયો છે કે કેમ તે અંગે તેમજ મનપામાં સમાવવામાં આવેલ નવા વિસ્તારોમાં અપૂરતી સુવિધા બાબતે ચર્ચા માટે સમય ફાળવવા માંગ કરી છે.

જો કે આ બેઠકે રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જગાવી છે. ભાજપની આંતરિક જૂથબંધી ખુલ્લી થઈ જતાં કોંગ્રેસે તેના શસ્ત્રો મ્યાન કર્યાનો બચાવ રાજકીય વર્તુળોમાં ચર્ચામાં આવ્યા છે.

## મનપાના સભાખંડમાં જાહેર જનતા પર પ્રતિબંધ

**કચેરીમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું સખ્ત પાલન થશે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળનારી સામાન્ય સભામાં જાહેર જનતાના પ્રવેશ પર સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં આવી છે.

હાઈબ્રીડ મળનારી આ સામાન્ય સભા માટે કોંગીના કાઉન્સીલર ઉર્મિલાબેન વર્માએ તંત્રને તેઓ ઓનલાઈન બેઠકમાં હાજરી આપશે તેવી લેખિતમાં રજુઆત આપી દીધી છે. કોરોનાથી સંક્રમિત થયેલા ઉર્મિલાબેન હાલ ક્વોરોન્ટાઈન હેઠળ છે તો સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા એપોલો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

મળતી વિગતો પ્રમાણે મનપાએ સભાખંડમાં સભ્યો સિવાય અને અધિકારીઓ સિવાય કોઈને પ્રવેશ અપાશે નહિ. પત્રકારોને કવરેજ માટે સ્થાયી સમિતિના ખંડમાં ખાસ લાઈવ ટેલિકાસ્ટની સુવિધા કરવામાં આવી છે.

મનપાની કચેરીમાં સેનીટાઈઝેશન ઉપરાંત થર્મલ સ્ક્રીનીંગ પણ પ્રવેશ પહેલાં કરવામાં આવશે એટલુ જ નહિ સોશિયલ ડિસ્ટન્સીંગનું પણ સખ્તાઈ સાથે પાલન કરવામાં આવશે.

સભાખંડમાં અધિકારીઓ અને સભ્યોને જ પ્રવેશ હોવાથી અને સોશિયલ ડિસ્ટન્સીંગના પાલનને લઈ બેઠક વ્યવસ્થામાં પણ બદલાવ કરવામાં આવ્યો છે.

મેયર રીટાબેન પટેલના ફેસબુક પરથી સામાન્ય સભાનું લાઈવ ટેલિકોસ્ટ પણ કરવામાં આવનાર છે. તંત્રએ આ માટેની સંપૂર્ણ તૈયારીઓ પૂરી કરી લીધી છે.



સ્માર્ટ સિટીની અવદશા - પાટનગર ગાંધીનગરના હાર્દસમા ઘ-૫ વિસ્તારનું આ દશ્ય સ્માર્ટ સિટીની અવદશા બતાવે છે... ઘ-૫ વિસ્તારમાં રાહદારીઓ જતા-આવતા કચરો નાખી શકે તે માટે મનપા દ્વારા ઠેર ઠેર કન્ટેનર મુકાયા છે... પરંતુ રખડતા ઢોર અને કૂતરાઓ ક્યારેક તેને નમાવીને ઉંધું પાડે છે ત્યારે કચરો માર્ગ પર વેરવિખેર ફેલાય છે... તંત્રએ જ આ કન્ટેનરને ફીક્સ હાલતમાં રહે એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ...

# આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થતા બપોર સુધી કામગીરી ઠપ્પ થઈ

**એ આર ટી ઓએ મોડી સાંજ સુધી કચેરી કાર્યરત રાખી અરજદારોના અટવાયેલા કામો પુરા કર્યા : મોડેલ કચેરીમાં અવારનવાર ટેકનિકલ ખામીના લીધે સમસ્યા**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરની મોડેલ આર ટી ઓ કચેરીમાં વારંવાર અરજદારોએ ધક્કા ખાવાનો વારો આવે છે. છેલ્લા બે સપ્તાહથી આર ટી ઓ કચેરીમાં અવારનવાર સર્વર ડાઉન થતા અરજદારોના કામો અટવાયા હોવાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. આજે પણ આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન હોવાથી બપોર સુધી કામગીરી થઈ શકી ન હતી જયારે બપોર બાદ કામગીરી શરૂ થતા આર ટી ઓ દ્વારા મોડી સાંજ સુધી કચેરી કાર્યરત રાખી અરજદારોના તમામ કામ નિપટાવવા માટે સુચના આપવામાં આવી હતી. આ સ્થિતિ વચ્ચે આર ટી ઓ કચેરીમાં આજે અરજદારોની કતાર જોવા મળી હતી.

ગાંધીનગર આર ટી ઓ કચેરી મોડલે કચેરી તરીકે પ્રસ્થાપિત કરવામાં આવી છે. આર ટી ઓનો વહીવટ સ્માર્ટ અને પેપરલેસ બને તે માટે તમામ કામગીરી ઝડપથી પુર્ણ થાય તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ આર ટી ઓ કચેરી શરૂ થઈ ત્યારથી ટેકનિકલ ખામીના લીધે કામગીરી અવારનવાર ઠપ્પ થઈ જાય છે. આર ટી ઓ કચેરીનુ સર્વર અવારનવાર ડાઉન થતા અરજદારોના કામો પણ અટવાય છે. બે દિવસ અગાઉ પણ આવી સ્થિતિ સર્જાઈ હતી જયારે આજે પણ આર ટી ઓ કચેરીમાં બે દિવસની રજાના અંતે ભીડ જોવા મળી હતી જયારે આ અરજદારોની આ ભીડ વચ્ચે અચાનક જ સર્વર ડાઉન થતા કામગીરી બંધ થઈ ગઈ હતી. બે દિવસની રજાના લીધે અરજદારોની સંખ્યા પણ વધુ હતી આવા સંજોગોમાં ટેકનિકલ ખામીના લીધે સર્વર ડાઉન થતા અરજદારોમાં રોષ જોવા મળ્યો હતો. જો કે આર ટી ઓ અધિકારી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૧૮ કેસ નોંધાયા

**૨૫ને ડિસ્ચાર્જ અપાયુ : સે. ૨, ૪, ૫, ૭ અને ૨૬ માંથી ૧૩ કેસ મળી આવ્યા : આજે નવ મહિલાઓ સંક્રમિત થયેલી મળી : સે. ૨૧, ૨૨, ૬ અને ૨૮, ૨૯ માંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨, ૫, ૪ અને ૨૬ કોરોના માટે વધુ સંવેદનશીલ બની ઉભર્યા છે. આ ચાર સેક્ટરોમાંથી જ ૧૩ જેટલા કેસ સહિત કુલ ૧૮ લોકો આજે સંક્રમિત થયા છે.

શહેરમાં કોરોનાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે શહેરમાં કોરોનાના નોંધાયેલા કેસો સાથે કુલ કેસોની સંખ્યા ૧૫૪૧ પર પહોંચી છે.

આજે નોંધાયેલા ૧૮ કેસમાંથી નવ જેટલી મહિલા દર્દીઓ હોવાથી તંત્રની ચિંતા ઘેરી બની છે. હોમ આઈસોલેશનનો વિકલ્પ પણ દર્દીઓ વધુ ને વધુ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરી વધી જવા પામી છે.

આજે શહેરના સે. ૨ માંથી ૪, સે. ૨૬ માંથી ૩, સે. ૭ માંથી ૨, સે. ૫ માંથી ૨, સે. ૪ માંથી ૨ ઉપરાંત સે. ૨૧, ૬, ૨૨, ૨૮ અને ૨૯ માંથી કેસો મળી આવ્યા છે. શહેરમાં વધતા જતા કેસોની સાથે કન્ટેનમેન્ટ ઝોનના વિસ્તારો પણ વધી રહ્યા છે. આજે મોટી વયના નાગરિકો વધુ સંક્રમિત થયેલા જણાયા છે.

તંત્રએ આજે પણ તેની અપીલ દોહરાવી મોટી વય ધરાવતા નાગરિકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા જણાવ્યુ છે.

સે. ૫ માંથી આજે વધુ બે કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે.

સે. ૫ માંથી ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામીણ વિસ્તારમાં ૧૬ નવા કેસ : ૧૭ને ડિસ્ચાર્જ કરાયા

**ગાંધીનગર તાલુકામાં ૭, માણસામાં ૫, કલોલ-દહેગામમાં ૨-૨ કેસ, સરગાસણમાં દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૬ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

આજે નોંધાયેલા ૧૬ કેસમાં ૧૦ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરતાં ગ્રામીણ વિસ્તારમાં પણ હોમ આઈસોલેશન હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા ૧૦૦ના આંકને પાર કરી ગયેલ છે.

જિલ્લામાં આજે ગાંધીનગરમાં ૭, દહેગામમાં ૨, માણસામાં ૫ અને કલોલમાં ૨ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં પણ મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી જવા પામી છે. ગાંધીનગર તાલુકાના કોલવડા ગામેથી ૬૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

કુડાસણમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. ખાનગી નોકરી કરતો ૨૮ વર્ષીય યુવાન તેમજ સરકારી નોકરી કરતો ૩૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

પેથાપુર ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. ૫૦ વર્ષીય વેપારી તેમજ ૨૩ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સરગાસણ ગામેથી પણ બે કેસ મળ્યા છે. સરગાસણમાં એક દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ૩૯ વર્ષીય કર્મયોગી અને ૩૬ વર્ષીય ગૃહીણી કોરોનાથી સંક્રમિત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## કોલવડાની પડતર જમીન પર ઝુંપડાઓ ઉભા કરવાની હીલચાલ સામે ઉગ્ર વિરોધ

**રેલવે સ્ટેશન પાછળથી દુર કરાયેલા ઝુંપડાવાસીઓ કોલવડા ગામની સીમમાં અડ્ડો જમાવી રહ્યા છે : ગ્રામજનો આગ બબુલા : જમીન ફાળવવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરીશુ : કોર્પોરેશનની ચુંટણીનો પણ બહિષ્કાર કરવાની ચિમકી : જિલ્લા કલેકટરને રજુઆત**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં રેલવે સ્ટેશન પાછળથી દબાણોનો સફાયો કર્યા બાદ હાલ આ ઝુંપડાવાસીઓ કોલવડા પાસે અડ્ડો જમાવતા ગ્રામજનો આગ બબુલા બન્યા છે. ગ્રામજનોએ આ વિસ્તારમાં ઝુંપડાવાસીઓ માટે જગ્યા ફાળવવામાં આવશે તો આંદોલન કરવાની પણ ચિમકી ઉચ્ચારી છે. કોલવડા ગામની પડતર જમીન ઝુંપડાવાસીઓને ફાળવવાની ગતિવિધીઓને અનુલક્ષી સ્થાનિક ગ્રામજનોએ કોર્પોરેશનની ચુંટણીનો પણ બહિષ્કાર કરવાનો રોષ વ્યકત કર્યો છે. આ અંગે જિલ્લા કલેકટરને પણ ગ્રામજનોએ રજુઆત કરી છે.

શહેરમાં રેલવે સ્ટેશન પાછળથી દબાણો દુર કરાયા બાદ હાલ કોલવડા આવાસો નજીક ઝુંપડાઓ અસ્તિત્વમાં આવી રહ્યા છે. સે-૨૫ જી આઈ ડી સી વિસ્તારમાં આમ પણ દબાણો વધ્યા છે. જયારે દબાણોની સમસ્યામાંથી આ વિસ્તારને ઉગારવા માટે એસોસિએશન કક્ષાએથી રજુઆતો પણ કરવામાં આવી રહી છે. ત્યારે ઝુંપડાવાસીઓનુ સ્થળાંતર કોલવડા ગામ નજીક થતા આ વિસ્તારમાં થતા ગ્રામજનો આગ બબુલા બન્યા છે. રેલવે સ્ટેશન પાછળથી દબાણો દુર કરાયા બાદ આ પૈકી કોલવડા સ્થિત ઝુંપડાવાસીઓની આવાસ યોજનામાં પણ દબાણકર્તાઓને સ્થાન અપાયુ છે. અલબત્ત આ પૈકી ૧૨૮ જેટલા દબાણકર્તાઓને અહીં આવાસ ફાળવવામાં આવ્યા છે. જેથી તેમનો વસવાટ કાયમી બન્યો છે. કોલવડાના ગ્રામજનોએ આ અંગે જિલ્લા કલેકટરને રજુઆતમાં જણાંવ્યા મુજબ તંત્રએ દબાણો દુર કર્યા બાદ બાકી રહેતા આ દબાણકર્તાઓએ સે-૨૫ જી આઈ ડી સીને નજીક કોલવડા નજીક દબાણો તાંણવાનુ શરૂ કર્યુ હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. સે-૨૫ ગેઝિયા વિવેકાનંદ નગરની આસપાસ ઝુંપડાવાસીઓને સ્થાન આપવા માટે તજવીજ હાથ ધરાઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જેને અનુલક્ષીને કોલવડાના ગ્રામજનોએ પણ ઉગ્ર રોષ વ્યકત કર્યો

● અનુસંધાન પાન-૭ પર

## ગૃહપ્રધાન અમિત શાહ ૧૭મીથી બે દિવસના ગુજરાત પ્રવાસે

**પોતાના વતન માણસામાં બહુચમ માતાના આશિર્વાદ લેશે**

ગાંધીનગર,તા.૧૨

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ સાત મહિના પછી પોતાના વતન ગુજરાત આવશે. તેઓ નવરાત્રિના પ્રથમ દિવસે ૧૭મી ઓક્ટોબરના રોજ અમદાવાદ આવશે. આ દિવસે આવીને તેઓ બીજા દિવસે પોતાના વતન માણસા જશે. માણસામાં બહુચર માતાના તે આશીર્વાદ લેશે.

અમિતશાહને કોરોનાની સારવાર બાદ સંસદીય કાર્યવાહી શરૂ થતા સંસદના ચોમાસા સત્રમાં પણ તેમણે હાજરી આપી હતી. અમિત શાહ ગમે તેવી વ્યસ્તતા વચ્ચે નવરાત્રિમાં આવવાનું ભૂલતા નથી. અમિત શાહનો આ પ્રવાસ રાજ્યમાં આઠ સીટ પર યોજાનારી પેટા ચૂંટણીને લઈ પણ સૂચક માનવામાં આવી રહ્યો છે. બે દિવસની મુલાકાત દરમિયાન ચૂંટણી જીતવા અંગે તેઓ કાર્યકરો, નેતાઓને માર્ગદર્શન આપી શકે છે.

તાત્કાલિક જોઈએ છે

૨૭ વર્ષ જુની શીટ મેટલ ફેબ્રીકેશનની કંપની માટે કાયમી ધોરણે

ફીટર-૧૦ ● વેલ્ડર-૧૦ (મીગ વેલ્ડીંગના જાણકાર) તથા હેલ્પર-૧૦

P.F. તથા E.S.I.ના લાભ સાથે

મો. ૯૯૭૮૧ ૬૭૦૭૩

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

SURMOUNT HOSPITAL | EMERGENCY 24 HOURS SERVICES

સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.

આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com